# આઇ રીસર્ચ ઇન્સ્ટીટ્યુટ, ફેકો ચેરીટેબલ ટ્રેનિંગ સેન્ટર અને મોબાઇલ આઇ ચેરીટેબલ સેન્ટરો શરૂ કરવાની યોજના



**Kenia Eye Hospital has now added most modern Refractive & Retinal Wing at their hospital in Santacruz (E), Mumbai. During its inauguration on 13th January 2009, Shri Jagdish Tytler, Member of Parliament, is seen cutting the ribbon. Also seen in the photo, Dr. Vaishal Kenia & Dr. (Mrs). Pallavi Kenia.**

મુંબઇ :આઈએસઓ ૯૦૦૧: ૨૦૦૦ સર્ટીફાઇડ કેનીયા આઇ હોસ્પીટલે તેની સાંતાક્રુઝ-વેસ્ટ, મુંબઇ ખાતેની વર્તમાન આંખની હોસ્પીટલમાં રીફેક્ટીવ અને રેટીનલ વીંગ શરૂ કરી છે. આ વીંગનું તા. ૧૩ જાન્યુઆરી ૨૦૦૯ના રોજ સાંસદ શ્રી જગદીશ ટાઇટલર ઉદ્ઘાટન કર્યું હતું.

કેનીયા આઇ હોસ્પીટલ એ આંખની અદ્યતન સુપરસ્પેશીયાલીટી હોસ્પીટલ છે. આમાં બે ઓપરેશન થીએટર, પેશન્ટ વેઇટીંગ લોન્જ, સીસી ટીવી, પોસ્ટ-ઓપરેટીવ રીકવરી રૂમ્સ અને અદ્યતન મશીનો છે. આ હોસ્પીટલ ફેકો ઇમલ્સીફીકેશન, ગ્લોકોમા સર્જરી, કોર્નીયેલ ગ્રાફટીંગ ત્રાંસી નજરની સર્જરી, આઇ સોનોગ્રાફી વેવફ્રન્ટ ગાઇડેડ બેઝીક લેસર (કસ્ટમાઇઝડ) રીફ્રેકશન, કોન્ટેકટ લેન્સીસ, રેટીનલ, વીટ્રીયસ સર્જરી, લેઝીક જેવી અનેકવિધ સેવા આપે છે.

કેનીયા આઇ હોસ્પીટલ આમ જનતાની સેવા કરી શકે એવા ટેકનીશીયનો અને નર્સો તૈયાર કરવા ફેકો ચેરીટેબલ ટ્રેનિંગ સેન્ટર શરૂ કરવાની યોજના ધરાવે છે. આ ઉપરાંત મુંબઇના ટ્રાફીકમાં આંખના દર્દીને ભટકવાની જરૂરત ન પડે અને દર્દીને ઘરઆંગણે આંખની સારવાર મળી રહે એ માટે મુંબઇના ચારે ખૂણામાં મોબાઇલ આઇ ચેરીટેબલ સેન્ટરો શરૂ કરવાની યોજના છે. મોબાઇલ સેન્ટરમાંના ડોકટરો અને નિષ્ણાંતો ત્યાં જ દર્દીના આંખની તપાસ અને જાળવણી કરશે. આ ઉપરાંત તેઓ ઇન્ટરનેટ પર ડો. વિશાલ કેનીયા પાસેથી માર્ગદર્શન મેળવશે. આ બાદ દર્દીને સર્જરી કરાવવાની જરૂરત પડે તો જ સાંતાક્રુઝ ખાતેની હોસ્પીટલમાં દાખલ થવું પડશે.

કેનીયા આઇ હોસ્પીટલ સોઇ જેવા નાના ૧.૮ એમએમ કાણામાંથી ઇન્જેકશન નાખી કેટરેકટ સર્જરી કરે છે. નવા ફેકો મશીન દ્વારા આ સર્જરી શકય બની છે. આમાં કેટરેકટ દૂર કરી માઇક્રો ફોલ્ડેબલ ઇન્ટ્રાક્યુલર લેન્સ (આઇઓએલ) બેસાડાય છે. આને ફૂલ સ્ટોપ સર્જરી કે પીન હોલ કેટરાકટ સર્જરી કહેવાય છે. આમાં ઘા આપો આપ રૂઝાઇ જાય છે. આમાં બહારથી આંખમાં કશું જ પ્રવેશતું નથી. આ સર્જરી સલામત, ભરોસાપાત્ર, ઓછી પીડાદાયક અને સરળ છે.

હોસ્પીટલે નવું રેટીનલ ડીઝીઝન શરૂ કર્યું છે જેમાં એફએફએ અન્જીયોગ્રાફી અને ઓક્યુલર સીટી સ્કેન (ઓસીટી) સવલતો છે. અત્રે અદ્યતન ઓપ્ટોવ્યુ મશીન છે. આમાં મધુપ્રમેહના દર્દીઓ જેરેટીનલ સમસ્યા ધરાવતા હોય તે વહેલાસર પારખી શકાય છે. આ ઉપરાંત ઉંમર સંબંધી રેટીનલ સમસ્યાનું જો વહેલું નિદાન કરાય તો અંધાપો આવી શકે છે પણ અત્રે તેનું સમયસર નિદાન કરી શકાય છે.

૩૮ વર્ષીય ડો. વિશાલ પી. કેનીયા (એમ.એસ.ડીએનબી, ડીઓએમ એસ, એફસીપીએસ, આઇસીઓ-યુ.કે.) જાણીતા આઇ સર્જન છે. તેઓ બ્રીચ કેન્ડી હોસ્પીટલ જોડે સંકળાયેલા છે. તેમણે નવી શોધ અને આગવી ટેકનીક માટે ઘણા પારિતોષીકો મેળવ્યા છે. તેમના પત્ની ડો. પલ્લવી વી. કેનીયા ડેન્ટલ સર્જન છે. ડો. કેનીયાનો ફોન: ૨૬૧૪૪૦૧૩ અને ૨૬૧૦૩૨૩૯માં સંપર્ક સાધી શકાશે.

કચ્છ-સતા

તા.૩૦-૧-૨૦૦૯